**23-03-2024** **Evening: 7.50 to 8.00**

**Saturday** **National News**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભૂતાનના બે દિવસના સત્તાવાર પ્રવાસ બાદ આજે દિલ્હી પાછા ફર્યા.
- વિદેશ મંત્રાલયે ભારતની આંતરિક બાબતોમાં જર્મની વિદેશ કાર્યાલયના પ્રવક્તાની ટિપ્પણીઓ બદલ જર્મન ઉપપ્રમુખને બોલાવીને સખત વિરોધ દર્શાવ્યો છે..
- દિલ્હીની રાઉઝ એવન્યૂ અદાલતે કાળા નાણાંને ધોળા કરવા અંગેના કેસમાં બીઆરએસના નેતા કે. કવિતાની અમલ બજવાણી નિદેશાલય હેઠળની અટકાયત 26મી માર્ચ સુધી લંબાવી છે.
- દેશના વીર શહીદોનું સન્માન કરવા અને દેશ માટે તેમના બલિદાનને યાદ કરવા માટે દર વર્ષે 23મી માર્ચે ભારતમાં શહીદ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- રશિયામાં મોસ્કોના ક્રોક્સ સિટી હોલ પર ગઈકાલે થયેલા ત્રાસવાદી હુમલામાં મરનારનો આંક વધીને 115 થઈ ગયો છે.
- જાપાનની કાઓરી સાકામાતો ફિગર સ્કેટિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ત્રણ સીધા બિરૂદ જીતી જનાર સૌપ્રથમ મહિલા ખેલાડી બની છે.

**********************************

**EVE-INDIA-BHUTAN**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભૂતાનના બે દિવસના સત્તાવાર પ્રવાસ બાદ આજે દિલ્હી પાછા ફર્યા. ભૂતાન નરેશ જીગ્મે ખેસર નામગ્યાલ વાંગચૂક અને ભૂતાનના પ્રધાનમંત્રીએ વિમાનઘર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સન્માનપૂર્વક વિદાય આપી.

સોશ્યલ મીડિયા પોસ્ટ પર પ્રધાનમંત્રી મોદીએ લખ્યું કે, ભૂતાન નરેશના ભાવભીના આતિથ્ય સત્કારથી તેઓ અત્યંત ગૌરવ અનુભવે છે. તેમણે ભૂતાનનો આ પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યો. તેમણે કહ્યું કે, ભૂતાન સાથેની વિપક્ષી વાટાઘાટો દ્વારા બંને દેશોના મિત્રતા વધારે મજબૂત થશે.

ભૂતાનના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો મેળવવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્યાંની સરકારનો આભાર માન્યો.

નરેન્દ્ર મોદીએ ભૂતાનના લોકોએ કરેલા તેમના આતિથ્ય સત્કાર બદલ આભાર માનતા કહ્યું કે, ભારત હંમેશા ભૂતાન માટે એક વિશ્વાસપાત્ર મિત્ર અને ભાગીદાર દેશ બની રહેશે.

એ પહેલાં પ્રધાનમંત્રી અને શ્રી ટોબગેએ થિમ્પૂમાં ભારત સરકારની સહાયતાથી તૈયાર કરવામાં આવેલી એક અતિ આધુનિક ગ્યાલત્સુએન જેત્સુન પેમા માત એવં શિશું હોસ્પિટલનું ઉદઘાટન કર્યું. દોઢસો ખાટલાવાળી આ અતિઆધુનિક હોસ્પિટલ ભૂતાનમાં ગુણવત્તાયુક્ત માતૃ અને શિશુ આરોગ્ય સેવા પૂરી પાડશે.

**MEA-GERMANY**

વિદેશ મંત્રાલયે ભારતની આંતરિક બાબતોમાં જર્મની વિદેશ કાર્યાલયના પ્રવક્તાની ટિપ્પણીઓ બદલ નવીદિલ્હી સ્થિત જર્મન ઉપપ્રમુખને બોલાવીને સખત વિરોધ દર્શાવ્યો છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત એવી ટિપ્પણીઓને ન્યાયિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ અને ભારતના ન્યાયતંત્રની સ્વતંત્રતાને નીચું ગણાવવા તરીકે જુએ છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારત કાયદાનું પાલન કરનાર મજબૂત લોકતાંત્રિક દેશ છે.

**JAISHANKAR---SINGAPORE**

વિદેશમંત્રી ડોક્ટર એસ. જયશંકર આજે સિંગાપોરના ત્રણ દિવસના પ્રવાસે ગયા છે. તેમણે નેતાજી સુભાષચંદ્ર બોઝ અને ઇન્ડિયન નેશનલ આર્મીના અન્ય શૂરવીર ભારતીય જવાનોને શ્રધ્ધાંજલિ આપી.

સોશ્યલ મીડિયા પરની પોસ્ટમાં ડો. એસ. જયશંકરે કહ્યું કે, સિંગાપોરમાં આવેલું આ ઇન્ડિયન નેશનલ આર્મીનું સ્મારક, શહીદ જવાનોની અપ્રિતમ દેશભક્તિ અને અભૂતપૂર્વ દેશદાઝના પ્રતિકસમું છે અને ભાવિ પેઢીઓ માટે પ્રેરણાનો સ્રોત બની રહેશે.

**COURT-BRS-LEADER**

દિલ્હીની રાઉઝ એવન્યૂ અદાલતે આજે દિલ્હી શરાબ નીતિ કૌભાંડ સાથે સંલગ્ન કાળા નાણાંને ધોળા કરવા અંગેના કેસમાં ભારત રાષ્ટ્રીય સમિતિ – બીઆરએસના નેતા કે. કવિતાની અમલ બજવાણી નિદેશાલય હેઠળની અટકાયત 26મી માર્ચ સુધી લંબાવી છે. સીબીઆઈના વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ કે. કવિતાના રિમાન્ડની મુદ્દત પૂરી થતાં અદાલતમાં રજૂ કરવામાં આવ્યા પછી આ આદેશ જારી કર્યો. તપાસ સંસ્થાએ કવિતાને અન્ય પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

સર્વોચ્ચ અદાલતે કે. કવિતાની જામીન અરજી પર સુનાવણી કરવાનો ઇન્કાર કર્યો હતો અને નીચલી અદાલતમાં જવાનું કહ્યું હતું. તેલંગણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવના પુત્રી કે. કવિતાએ આ કેસમાં જામીન મેળવવા માટે પણ અરજી કરી હતી, પરંતુ અમલ બજવણી નિદેશાલયના વિશેષ ધારાશાસ્ત્રીએ આવી સ્થિતિમાં જામીન અરજી પર સુનાવણી ના કરી શકાય એવી દલીલ કરી હતી.

**EC SPECIAL**

લોકસભાની આગામી ચૂંટણીમાં 18થી 19 વર્ષની વયના લગભગ એક કરોડ 80 લાખ મતદારો હશે, જે સૌ પહેલીવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સૌ પહેલીવાર મતદાન કરનારા મતદારોને પ્રોત્સાહન આપવા માટે સોશિયલ મિડીયા પર I VOTE4 SURE જેવા અનેક અભિયાન શરૂ કરવામાં આવ્યા છે.
આ અભિયાનમાં સચિન તેંડુલકર તેમજ અભિનેતા રાજકુમાર રાવ જેવા અગ્રગણ્ય નાગરિકોનો સાથ સહકાર લેવામાં આવી રહ્યો છે..

**BIHAR-MEIRA-KUMAR**

બિહારમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ મીરાં કુમારે આજે ઘોષણા કરી કે તેઓ આ વખતે લોકસભાની ચૂંટણી નહીં લડે. પાંચ વખત સંસદ સભ્ય રહી ચૂકેલા મીરાં કુમારે સાસારામ ચૂંટણી મતવિસ્તારનું અનેકવાર પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે સોશ્યલ મીડિયા પરથી પોતે ચૂંટણી નહીં લડવાનું જણાવ્યું છે.

**SAHID DIVAS**

દેશના વીર શહીદોનું સન્માન કરવા અને દેશ માટે તેમના બલિદાનને યાદ કરવા માટે દર વર્ષે 23મી માર્ચે ભારતમાં શહીદ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેશની સ્વાતંત્ર્ય ચળવળ માટે 23 માર્ચ 1931એ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવને લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી.
આ ત્રણેય નૌ જવાને દેશ માટે થઈને શહીદી વહોરી લીધી હતી. ત્યારથી આપણા દેશમાં આ દિવસને શહીદ દીન તરીકે ઉજવવાય છે. આજે પંજાબ સહિત દેશભરમાં આ શહીદોને ભાવુક શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે..

**REV.-EVE-RUSSIA-ATTACK-REAX**

રશિયામાં મોસ્કોના ક્રોક્સ સિટી હોલ પર ગઈકાલે થયેલા ત્રાસવાદી હુમલામાં મરનારનો આંક વધીને 115 થઈ ગયો છે. 120થી વધારે લોકો ઘાયલ થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત વિશ્વના અનેક દેશોનના નેતાઓએ આ જઘન્ય બનાવની આકરી ટીકા કરી છે અને મૃતકોના કુટુંબીજનો પ્રત્યે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

અમેરિકા, યુરોપિય સંઘ, બ્રિટન, ફ્રાન્સ, સ્પેન અને સંયુક્ત આરબ અમિરાતે આ બનાવને આઘાતજનક ગણાવ્યો છે. રાષ્ટ્રસંઘના મહામંત્રી એન્ટોનિયો ગુટારસે પણ આ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે અને તેની કડક શબ્દોમાં ટીકા કરી છે. રાષ્ટ્રસંઘની સલામતી સમિતિએ બધા દેશોને આહવાન કરીને આ હુમલા માટે જવાબદાર લોકોને પકડવા માટે રશિયાની સરકાર અને અન્ય સંબંધિત અધિકારીઓને સક્રિય રીતે સહકાર આપવાનો અનુરોધ કર્યો છે.

ત્રાસવાદી ટોળકી ઇસ્લામિક સ્ટેટ ખુરાસાને આ હુમલાની જવાબદારી લીધી છે. રશિયાએ કહ્યું છે કે, આ હુમલા સંબંધે ચાર શંકાસ્પદ બંદૂકધારી શખ્સ સહિત 11 જણાની ધરપકડ કરવામાં આવી છે. રશિયાની તપાસ સમિતિએ જણાવ્યું કે, નકાબધારી બંદૂકધારકોએ સ્વચાલિત હથિયારોથી આડેધડ ગોળીબાર કર્યો. મરનારની સંખ્યામાં વધારો થાય તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

**SRI-LANKA-HOLI**

શ્રીલંકાની રાજધાની કોલંબોમાં હોળીનો તહેવાર ઉજવવામાં આવ્યો. ભારતીય સાંસ્કૃતિક સંગઠને, સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક કેન્દ્રના સહકારથી આ કાર્યક્રમનું આયોજન કર્યું, તેમાં ભારતીય મૂળના સેંકડો લોકો અને શ્રીલંકાના નાગરિકોએ ભાગ લીધો.

કાર્યક્રમમાં ગુલાલ તેમજ વિવિધ ભારતીય વ્યંજનોની મજા લોકોએ માણી હતી. લોકોએ એકબીજાને રંગ લગાડીને હોળીની શુભકામના આપી હતી.

**CHHATTISGARH-IED-BLAST**

છત્તીસગઢના દાંતેવાડા જિલ્લામાં ગઈકાલ રાત્રે માઓવાદીઓએ કરેલા વિસ્ફોટમાં બસ્તર ફાઇટર્સના બે જવાનો ઘાયલ થયા છે. CRPF, બસ્તર ફાઇટર્સ અને જિલ્લા અનામત દળની સંયુક્ત ટૂકડીના કિરંદુલમાં ચાલતા શોધખોળ અભિયાન દરમિયાન આ વિસ્ફોટ થયો હતો. ઘાયલ જવાનોને સારવાર માટે રાજધાની રાયપુર મોકલી દેવામાં આવ્યા છે.

દરમિયાન બીજાપુર જિલ્લાના પીડિયા વિસ્તારમાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યા મુજબ ગોળીબારમાં બે માઓવાદીઓ માર્યા ગયા છે.

**KATHMANDU---ITEC-DAY-CELEBRATE**

કાઠમંડૂમાં ભારતીય દૂતાવાસે ગઈકાલે 59મો ભારતીય ટેકનીક્લ અને આર્થિક સહકાર i.T.E.C. દિન મનાવ્યો. આ સમારંભમાં આશરે 300 મહાનુભાવો હાજર રહ્યા હતા. તેમાં અનેક સંસદ સભ્ય, વરિષ્ઠ સરકારી અધિકારી અને i.T.E.C. ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

આ પ્રસંગે નેપાળમાં ભારતના રાજદૂત નવીન શ્રીવાસ્તવે કહ્યું કે, અન્ય દેશોની સાથે ભારતનો સહકાર, વસુધૈવ કુટુંબક્મ તેમજ સબ કા સાથ સબ કા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસના સિધ્ધાંતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**Tulip Garden**

કાશ્મીર ખીણમાં આજે ટ્યૂલીપ ગાર્ડન જાહેર જનતા માટે સત્તાવાર ધોરણે ખૂલ્લું મૂકવામાં આવ્યું. એશિયાના સૌથી મોટા ઉદ્યાનોમાંનું એક આ ઉદ્યાન 55 હેક્ટરમાં ફેલાયેલું છે.

આ વર્ષે ટ્યૂલીપના વિવિધ પ્રકારના17 લાખ ફૂલો નિહાળી શકાશે. આ વર્ષે પાંચ નવા પ્રકારના ટ્યૂલીપ ફૂલોનો પણ સમાવેશ કરાયો છે. આમ બધું  જ મળીને કુલ 68 પ્રકારના ટ્યૂલીપ ફૂલો જોવા મળશે..

**Sakamoto--figure-skating-world-title**

જાપાનની કાઓરી સાકામાતો ફિગર સ્કેટિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ત્રણ સીધા બિરૂદ જીતી જનાર સૌપ્રથમ મહિલા ખેલાડી બની છે.

1968થી માંડીને અત્યાર સુધી આવું બહુમાન પ્રાપ્ત કરનાર કાઓરી સાકામાતોએ આ વર્ષની સ્કેટિંગ સ્પર્ધાઓમાં પ્રભુત્વ જાળવીને ગ્રાન્ડ પ્રી સીરીઝમાં સતત વિજય મેળવ્યો અને જાપાનનું ચોથું રાષ્ટ્રીય બિરૂદ પણ મેળવ્યું.